

ખંડ-૪
અંક-૫
મે ૨૦૧૮

# કૃષિ ઉત્પાદન અને
# બજાર દર્શન

કૃષિ ઉદય...

અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
ડૉ. એમ. એન. સ્વેન
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત

E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in

## કેન્દ્ર સરકારે રાજ્યો માટે બે એમએસપી મોડલ નક્કી કરેલ છે.....




કેન્દ્ર સરકારે ખેડૂતોને તેમના પાકો માટે વૈધાનિક લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી) મેળવવા માટે બે સંભવિત વ્યવસ્થા સૂચવી છે, કે જે તાજેતરના કેન્દ્રીય બજેટમાં તેની જાહેરાત કરવામાં આવી છે અને રાજ્ય સરકારોએ વિકલ્પ પસંદ કરવાનો રહેશે. જેમાં પ્રથમ કહેવાતી બજાર ખાતરી યોજના છે કે જેના અંતર્ગત રાજ્ય સરકાર ૨૫ પૈકી ૨૦ મુખ્ય પાકની ખરીદી કરશે. જેના માટે કેન્દ્ર સરકાર દ્વારા એમએસપી નક્કી કરવામાં આવશે. આ યોજનામાં ઘઉં, ચોખા, શણ, કપાસ અને નાળિયેરને બાકાત રાખેલ છે, કારણકે તે સરકારી એજન્સીઓ દ્વારા પહેલેથી જ એમએસપીથી ખરીદી કરવામાં આવે છે. બીજી યોજના ભાવ ફેરફાર ચૂકવણીની યોજના છે. તેમાં નોંધણી કરાયેલ તમામ ખેડૂતોને એમએસપી અને પ્રવર્તમાન વેચાણ કિંમતનો તફાવત ચૂકવવામાં આવશે. એક અધિકારીએ જણાવ્યું હતું કે ખાનગી વેપારીઓ દ્વારા કરવામાં આવતી ખરીદીને મંજૂરી આપવાની ત્રીજી દરખાસ્ત આ તબક્કે વિચારણા હેઠળ નથી. આગામી વર્ષે સમાન્ય ચૂંટણીઓ નજીક હોવાથી સરકાર નીચા જતાં પાકોના ભાવ, ખેતીમાં ઓછો નફો અને ખેડૂતોને રક્ષણ આપવા અંગેની સમસ્યાઓનો સામનો કરી રહી છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર ભારતની લગભગ બે તૃતિયાંશ વસ્તી પર કૃષિ આધારિત છે. અને ૫૬ ટકા શ્રમિકો કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ પર આધાર રાખે છે. બજાર ખાતરી યોજના હેઠળ કેન્દ્ર સરકાર રાજ્યોની કુલ ખરીદીની કિંમતના ૩૫ ટકા જેટલા નુકશાનની ભારપાઇ કરશે. જ્યારે ૩૫-૪૦ ટકા જેટલી ખોટ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ૫૦:૫૦ હિસ્સામાં ભરપાઇ કરવામાં આવશે. નામ જાહેર ન કરવાની શરતે એક પરિચિત અધિકારીએ જણાવ્યું હતું કે ૪૦ ટકાથી વધુ ખોટ

રાજ્યોએ સહન કરવી પડશે કારણ કે તેનો અર્થ એવો થશે કે રાજ્ય સરકાર ખરીદી કરવા માટે બિનકાર્યક્ષમ છે. જો કે કેટલી ખરીદી કરવામાં આવશે તે અંગેની કોઇ મર્યાદા નક્કી કરવામાં આવશે તે અંગે કોઇ મર્યાદા નક્કી કરવામાં આવી નથી. સરકારની નીતિ વિચારક સંસ્થા નીતિ આયોગને ધારણા છે કે ખરીદી માટે ઉપલબ્ધ દરેક પાકની મહત્તમ માત્રા, વેચાણપાત્ર બાકી રહેલી રકમના ૪૦ ટકા કરતાં વધે નહીં તેનુ ધ્યાન રાખવાનું રહેશે. બીજી યોજના મધ્ય પ્રદેશ સરકારની ભાવ ફેરફાર યોજનાની નકલ છે. આ યોજના હેઠળ જો ''આદર્શ'' કિંમતની નીચે કૃષિ ચીજવસ્તુઓની બજાર કિંમત જાય તો એક સરેરાશ ભાવની સપાટીથી એમએસપી અને વાસ્તવિક ભાવ વચ્ચેનો જે કાંઇ તફાવત આવે તે ખેડૂતોને ચૂકવવામાં આવશે અને જો કોઇ રાજ્ય બીજી યોજના પસંદ કરે, તો કેન્દ્ર સરકાર તેને એમએસપીના ૨૫ ટકા જેટલી રકમની ભરપાઇ કરશે.

## યુરિયા ખાતર પરની સબસિડી ૨૦૨૦ સુધી ચાલુ રહેશે...



કેબિનેટે અંદાજે રૂ. ૧૬,૪૯૩૫ કરોડ અંદાજીત કિંમતના યુરિયા ખાતર પરની સબસિડી વર્ષ ૨૦૨૦-૨૦ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી દીધી છે. સરકારે ખાતર સબસિડીનો સીધો લાભ હસ્તાંતરણ/ટ્રાન્સફર (ડીબીટી) કરવાની પદ્ધતિના અમલીકરણને પણ મંજૂરી આપી છે. વર્ષ ૨૦૧૨ થી યુરિયાનો છુટક ભાવ રૂ.૫૩૬૦/ટન અથવા રૂ. ૨૬૮/૫૦ કિલોગ્રામ (કેન્દ્ર/રાજ્ય કર અને લીમડાના પડના ખર્ચ સિવાય) ખર્ચ બદલાયો નથી. દરેક રાજ્યમાં તેના ભાવ અલગ અલગ હોય છે અને ખેડૂતોને યુરિયા સરેરાશ રૂ. ૩૦૦ની એક થેલી મળે છે. ખાતરની ઉત્પાદન કિંમત જકાત સહિત અને છૂટક કિંમત વચ્ચેનો તફાવત કેન્દ્ર સરકાર સબસિડી સ્વરુપે આપે છે અને ખેડૂતો તેની મહત્તમ છૂટક કિંમત ચૂકવે છે. સરકાર દ્વારા તેની સબસિડી ખાતર ઉત્પાદક/આયાતકારને ચૂકવવામાં આવે છે. સરકારે નિવેદનમાં જણાવ્યુ હતું કે યુરિયા પરની સબસીડી ચાલુ રાખશે અને સુનિશ્ચિત કરશે કે ખેડૂતો માટે વ્યાજબી/અંકુશિત ભાવે ખાતરની પૂરતી માત્રા યોગ્ય સમયે મળી રહે. ખાતરના ક્ષેત્રમાં ડીબીટી અમલીકરણનો તેનો દુર્વ્યય અને નુકશાની માત્રા ઘટાડશે.

## કેન્દ્ર સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવોથી કઠોળ, તેલિબિયાની ખરીદીની બાંયધરી.....

ખેડૂતોની સહકારી મંડળી, નાફેડ દ્વારા લઘુત્તમ ટેકાના ભાવોથી (એમએસપી) કઠોળ અને તેલિબિયાંની ખરીદી માટે રૂ. ૯,૫૦૦ કરોડ અને રૂ. ૧૯,૦૦૦ કરોડ જેટલી રકમની સરકારે બાંયધરી આપી દીધી છે. આ પગલું પાક કાપણી સમયે ખેડૂતોને તેમની પેદાશોના ફરજીયાત વેચાણને રોકવામાં મદદ કરશે. નાફેડ દ્વારા કઠોળ અને તેલિબિયાંની ખરીદી હાલની ભાવ નિર્ધારણ યોજના (પીએસએસ) હેઠળ કરવામાં આવશે જે સંબંધિત રાજ્ય સરકારની વિનંતીને આધિન છે. સરકારની ગેરંટીને બમણી કરવાના નિર્ણયને આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ (સીસીઇએ) મંજૂર કરી છે. તેણે હાલની જવાબદારી અને પતાવટને પહોંચી વળવા માટે નાના ખેડૂતોની કૃષિ-વેપાર સમિતિને (એસએફએસી) સરકારની ગેરંટી તરીકે રૂ. ૪૫ કરોડની રકમ મંજૂર કરી છે. કૃષિ મંત્રાલયનાં અંદાજ પ્રમાણે પાક વર્ષ ૨૦૧૭-૧૮ (જુલાઇ-જૂન) દરમ્યાન અનાજનું ઉત્પાદન ૨૭૭.૪૯ મિલિયન ટન સાથે કઠોળનું ઉત્પાદન ૨૩.૯૫ મિલિયન ટનની નવી સપાટીએ પહોંચવાનું છે તેવી ધારણા જાહેર કરી છે. ચાલુ વર્ષ દરમ્યાન કઠોળનું અંદાજીત ઉત્પાદન આગલાં વર્ષનાં સરેરાશ ઉત્પાદન ૫.૧૦ મેટ્રિક ટનની સરખામણીએ ઉંચું હોઇ શકે.

## યુરિયા ૪૫ કિલોગ્રામની બેગમાં વેચી શકાશે.....



યુરિયા, જે સામાન્ય રીતે ખેતીના ઉપયોગમાં લેવામાં આવે છે તેની પર સબસીડી પણ છે, તે આ મહિનાથી ૪૫ કિલોગ્રામની બેગમાં વહેચવામાં આવશે. તેનો હેતુ ખાતરનો વપરાશ ઘટાડવાનો અને ખાતરોના સંતુલિત ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે. એક સરકારી જાહેરનામામાં જણાવ્યુ હતું કે ૪૫ કિલોની એક યુરિયાની થેલી કરવેરા સિવાય રૂ. ૨૪૨ માં વેચવામાં આવશે. આ ભાવ રૂ.૫૩૬૦ પ્રતિ ટન સરકારની નિયત કરેલી કિંમતને આધારે નક્કી થાય છે. કેન્દ્ર સરકાર મહત્તમ છૂટક કિંમત (એમઆરપી) અને ઉત્પાદનની કિંમત વચ્ચેનો તફાવત ઉત્પાદકને ચૂકવે છે. ખાતર મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ખાતરની કંપનીઓને આગામી બે મહિના માટે ૫૦ કિલો બેગના જથ્થાને વેચવાની મંજૂરી આપવામાં આવશે. જ્યારે ખેડૂતો આ ખાતરનો ઉપયોગ કરી રહ્યા છે ત્યારે યુરીયા ખાતરનો વપરાશ ઘટાડવા અને ખાતરોના સંતુલિત ઉપયોગને પ્રોત્સાહન

આપવાનો હેતુ છે. આ જાહેરનામા મુજબ, ૪૫ કિલોની બેગનું વેચાણ ૧ લી માર્ચ-૨૦૧૮ થી અસરકારક રીતે અમલી છે. સરકારે ડિલરોને ૨૫ કિલો કરતાં ઓછી ન હોય તેવા નાના જથ્થામાં યુરિયા વેચવાની પણ મંજૂરી આપી દીધી છે. યુરિયા પરની વાર્ષિક સબસિડી લગભગ રૂ. ૪૦,૦૦૦ કરોડ છે. દેશમાં છેલ્લાં વર્ષમાં ૨૪ મિલિયન ટન યુરિયાનું ઉત્પાદન થયુ હતું. અને સ્થાનિક માંગને પહોંચી વળવા આશરે ૬ મિલિયન ટન યુરિયા આયાત કરવામાં આવે છે.

## ગુજરાત સરકારે ખેડૂતોની આવક વધારવા માટે રબરની ખેતીને પ્રોત્સાહન આપશે.....



ગુજરાત સરકારે ખેતીમાં સંશોધન અને વિકાસ માટે ઔદ્યોગિક સહાય સાથે રાજ્યમાં રબરની ખેતીને પ્રોત્સાહન પર ભાર મૂક્યો છે જે હાલમાં દક્ષિણ અને ઉત્તર-પૂર્વીય ભારતમાં જ રબરની ખેતી કેન્દ્રિત છે. આ વિસ્તાર કુલ જમીનના ૫૮ ટકા વિસ્તાર શુષ્ક અને અર્ધ શુષ્ક હિસ્સો ધરાવે છે, અહીં કુદરતી રબરની ખેતી માટે પોતાને તૈયાર કરી રહેલ છે. ગુજરાતની ભૂમિ આ પાકની ખેતી માટે એક તક છે. જેમ જેમ મોટી સંખ્યામાં રબર વપરાશ ઉદ્યોગ રાજ્યમાં આવશે તેમ તેમ ગુજરાતમાં રબરની ખેતીમાં સંશોધન અને વિકાસને પ્રોત્સાહિત કરવા રાજ્યની સહાયને વિસ્તારવાની યોજના છે. ‘‘હું વપરાશકર્તા કંપનીઓને વિનંતી કરૂં છું કે તે રાજ્યના જંગલખાતા સાથે કુદરતી રબરની ખેતીમાં સંશોધન કરવા અને રાજ્યમાં રબરના ઉત્પાદન માટેના એક સંકલિત પ્રોજેકટ સાથે સંકળાઇને કામ કરે’’, એમ મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું. જો કે, ભારતમાં રબરની ખેતી પરંપરાગત રીતે કેરળ અને તામિલનાડુ સુધી મર્યાદિત છે. તાજેતરના વર્ષમાં, રબરની ખેતીને દરિયા કાઠાંના કર્ણાટક, ગોવા, કોંકણ, આંધ્રપ્રદેશ, ઓડિશા અને ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં પણ પ્રયાસ કરવામાં આવ્યા હતાં.

## ખાદ્યતેલની નિકાસ ફેબ્રુઆરીમાં ૪૭ ટકા ઘટી......

ભારતના સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિએશન દ્વારા સંકલિત કરવામાં આવેલ આકડાં મુજબ તેલની નિકાસ ફેબ્રુઆરી, ૨૦૧૭ થી ફેબ્રુઆરી, ૨૦૧૮ દરમ્યાન ૪૭ ટકા ઘટીને ૧,૬૧,૯૬૯ ટન થઇ છે. એપ્રિલ, ૨૦૧૭ થી ફેબ્રુઆરી, ૨૦૧૮ દરમ્યાન તેલની કુલ નિકાસ અગાઉના વર્ષમાં સમાન ગાળામાં ૧,૭૧૪,૯૮૪ ટનની સરખામણીએ ૨,૬૭૭,૫૩૬ ટન થઇ શકે છે, કે જે ૧૭ નવેમ્બર, ૨૦૧૭ના રોજ ૫૬ ટકાનો વધારો દર્શાવે છે. સરકારે ખાદ્યતેલ પર આયાત જકાત ૧૨.૫ ટકાથી વધારીને ૧૫ ટકા કરી છે. સોયાબીનની ન્યૂનતમ નિકાસ કિંમતમાં ૫ ટકાથી ૭ ટકાનો વધારો કર્યો છે. આ પગલાંએ વૈશ્વિક બજારમાં ભારતીય ખાદ્યતેલને સ્પર્ધાત્મક બનાવ્યું છે અને ચાલુ વર્ષ દરમ્યાન મોટા પ્રમાણમાં તેલની નિકાસ કરવામાં આવી છે. બીજું, બે મુશ્કેલ વર્ષો પછી, તેલની નિકાસ ચાલુ વર્ષે ચાલુ થઇ ગઇ છે, પરંતુ હજુ પણ અગાઉના વર્ષ કરતાં ઓછી છે, જ્યારે ભારત વાર્ષિક ધોરણે ૪૦ થી ૪૫ લાખ ટન ખાદ્યતેલ ઉત્પાદન કરે છે. એપ્રિલ, ૨૦૧૭ થી ફેબ્રુઆરી, ૨૦૧૮ દરમ્યાન વિયેતનામમાં ખાદ્યતેલની નિકાસ ૩૨૩,૨૯૭ ટનની સરખામણીએ ૫૬૪,૦૯૧ ટન કરવામાં આવી છે. જેમાં ૪૨,૪૫૬ ટન સોયાબીન તેલ ૮૪,૭૮૮ ટન રાઇડાનું તેલ અને ૪૩૬,૮૪૭ ટન ચોખાના તેલનો સમાવેશ થાય છે. દક્ષિણ કોરિયાએ ૫૧૪,૭૦૨ ટનની સરખામણીએ ૭૫૬,૯૪૬ ટન તેલની આયાત કરી હતી, તેમાં ૨૬૭,૩૬૦ ટન રાઇડાનું તેલ, ૪૫૯,૪૧૪ ટન એરંડા અને ૩૦,૧૭૨ ટન સોયાબીન તેલ સામેલ છે. બાંગ્લાદેશમાં ૨૩૦,૫૮૮ ટનની સરખામણીમાં ૧૩૮,૮૮૯ ટન તેલની આયાત કરવામાં આવી છે તેમાં ૨૬,૦૩૭ ટન રાઇડાનું તેલ, ૫,૮૫૭ ટન ચોખાનું તેલ અને ૧૦૬,૯૯૫ ટન સોયાબીન તેલનો સમાવેશ થાય છે. થાઇલેન્ડમાં ૧૬,૯૨૫ ટનની સરખામાણીમાં ૧૬૭,૬૮૧ ટન ખાદ્યતેલની આયાત કરવામાં આવી છે, આ આયાતમાં ૧૦૫,૯૯૭ ટન રાઇડાનું તેલ, ૧૩,૫૦૨ ટન ચોખાનું તેલ અને ૪૮,૧૪૭ ટન સોયાબીન તેલનો સમાવેશ થાય છે. યુરોપિયન દેશો ભારતીય સોયાબીન તેલના મુખ્ય આયાતકારો હતા. ફ્રાન્સે ગયા વર્ષમાં ૨૦૮,૪૮૯ ટન ખાદ્યતેલની સરખામણીએ આ વર્ષે ૧૪૧,૯૮૪ ટન ખાદ્યતેલની આયાત કરી હતી. ફ્રાંસની કુલ આયાતમાં ૧૩૬,૫૧૯ ટન સોયાબીન અને ૫,૪૨૯ ટન એરંડાના તેલનો સમાવેશ થાય છે. યુરોપિયન દેશોએ ૩૪૧,૧૪૫ ટન ખાદ્યતેલ આયાત કર્યુ છે અને તેમાં મુખ્યત્વે સોયાબીન તેલનો સમાવેશ થાય છે.

## ગુજરાત સરકાર દ્વારા કૃષિ–પ્રાપ્તિની ખરીદીને ‘પારદર્શક’ બનાવા માટે વિડિયોગ્રાફી, સીસીટીવી દ્વારા દેખરેખ અપનાવવામાં આવશે.....



દેશમાં પહેલી વખત કૃષિ-પ્રબંધન પદ્ધતિમાં, ગુજરાત સરકારે રાજ્યની એજન્સીઓ દ્વારા કૃષિ પેદાશોની પ્રાપ્તિ માટે વિડિયોગ્રાફી અને સીસીટીવી દેખરેખ ફરજીયાત બનાવાની યોજના બનાવી છે. ટોચના સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર રાજ્ય સરકાર વર્તમાનમાં જે લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી) યોજના હેઠળ તુવેર અને મગફળીની ખરીદી કરે છે. તે તમામ ખરીદી કેન્દ્રો પરની સમગ્ર પ્રક્રિયાને વિડીયોગ્રાફી અને સીસીટીવી કેમેરા દ્વારા સ્થાપિત કરાશે અને ગોડાઉનમાં તુવેર

અને મગફળી પર તકેદારી રાખવામાં આવશે. ''આ પગલું ખેડૂતોનો આત્મ વિશ્વાસ વધારવા માટે મોટું પરિબળ બનશે, કારણ કે તે યોગ્ય વ્યહવારને સુનિશ્ચિત કરશે. આધારકાર્ડ સાથે જોડાયેલા બેંક ખાતાઓ મારફતે ઓનલાઇન રજીસ્ટ્રેશન અને ફંડ ટ્રાન્સફર થયા પછી, હવે પ્રાપ્તિ પ્રક્રિયાની વિડીયોગ્રાફી ગેરકાયદેસર પ્રવૃતિઓ અને ખોટા વ્યવહારને નાબૂદ કરશે'' એમ ગુજરાત સ્ટેટ વેરહાઉસીંગ કોર્પોરેશન (જીએસડબ્લયુસી)ના નિયામકશ્રી ભગવાનદાસ પટેલે જણાવ્યું હતું. ટોચના સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર, શરૂઆતમાં માર્ચના પ્રથમ સપ્તાહની શરૂઆતથી જ એક લાખ ટન મગફળી અને ૧.૨ લાખ ટન તુવેર માટે કરવામાં આવતી પર્વતમાન પ્રાપ્તિ/ખરીદી માટે વિડીયોગ્રાફી કરવામાં આવશે. અમે ગુણવત્તાયુકત નિરીક્ષણમાં મદદ કરવા માટે નમૂનાઓનું વિડીયોગ્રાફી પણ કરીશું. અમે વર્તમાન પધ્ધતિઓમાં સાવચેત હોવા છતાં, અમે વધારે સાવચેત રહેવા માંગીએ છીએ. એક રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે જે ગોડાઉનમાં મગફળી અને તુવેરની તાત્કાલિક ખરીદી થઇ રહી છે ત્યાં તાત્કાલિક ધોરણે સીસીટીવી સ્થાપિત કરવામાં આવશે અને બીજા ગોડાઉન પણ આવરી લેવામાં આવશે. ખરીફ ૨૦૧૭-૧૮માં વિક્રમજનક ૩૨ લાખ ટન મગફળીના ઉત્પાદન બાદ રાજ્ય સરકાર ૯ લાખ ટન મગફળીના રેકોર્ડ ઉત્પાદનની ખરીદી માટે તૈયારી કરી રહી છે.

## કૃષિક્ષેત્રમાં કૃત્રિમ બુધ્ધિનો (AI)નો ઉપયોગ કરવા



## આઇબીએમને (IBM) નીતિ આયોગની સલાહ......

સરકારને નીતિવિષયક સલાહ આપતી નીતિ આયોગે ખેડૂતોને

**NITI Aayog**
(National Institution for Transforming India),
Government of India

''મહત્વકાંક્ષી જીલ્લાઓ''માં યોગ્ય સમયે સલાહ આપવા માટે કૃત્રિમ બુદ્ધિ (એઆઇ)નો ઉપયોગ કરીને પાક ઉત્પાદન અંગેની સચોટ આગાહી કરી શકે તેવું મોડલ વિકસાવવા અગ્રણી તકનિકી કંપની આઇબીએમ (IBM) સાથે ભાગીદારી કરવાનું નક્કી કર્યુ છે. આઇબીએમ સાથેના મૂળભૂત હેતુના નિવેદન પર સહી કર્યા પછી, નીતિ આયોગના મુખ્ય વહીવટી અધિકારીશ્રી અમિતાભ કાંતે જણાવ્યું હતું કે કૃત્રિમ બુદ્ધિ જેવી પ્રૌદ્યોગિક તકનીકીઓને પ્રાયોગિક ઉપયોગમાં લઇને દેશના કૃષિક્ષેત્રને મોટા પાયે લાભ મળશે, જેનો ઉપયોગ સાધનોનો ઇષ્ટત્તમ ઉપયોગ કરી પાકની ઉત્પાદકતામાં વધારો અને વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા ખેતીને પ્રોત્સાહન આપવામાં આવશે. આ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો ૧૦ પછાત જિલ્લાઓ માટે નીતિ આયોગ દ્વારા આસામ, બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના મહત્વાકાંક્ષી જીલ્લાઓને આદર્શ જીલ્લા તરીકે એક મોડેલ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ પાકનું નિરીક્ષણ કરવા માટે ઉપલબ્ધ વાતાવરણ-પરિચિત જ્ઞાનાત્મક કૃષિ તકનિકોને રજૂ કરવા અને ઓળખવા, અદ્યતન કૃત્રિમ બુદ્ધિ નવીનતાઓના આધારે રોગ ફેલાવાના પારંભિક ચેતવણી, હવામાન અંગેની ચેતવણીઓ, સમદ્ધ ઉપગ્રહ અને માહિતી ટેક્નોલોજી સાથે હવામાન આગાહી અંગેની સચોટ માહિતી, પાકની ઉત્પાદકતાને સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે મોબાઇલ એપ્લિકેશન્સને સારી ખેતી દ્વારા ખેતી ખર્ચમાં બચત કરવા માટે છે.

Book Post

To,

DOI : May 30, 2018

From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in

*Acknowledged the information used/taken from the public domain*

Uni. Press